Extra No. 127

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] SATURDAY, MAY 2, 2026 / VAISAKHA 12, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પત્ર નં.પરીક્ષા/સંચાલન /૯૨૬/૨૦૨૬ તા.૨૯/૦૪/૨૦૨૬

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ - ૧૬૩

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૭૨૮૯ થી ૭૩૫૩/૨૦૨૬ - વંચાણે લીધેલ પત્ર-૧ ની વિગતોએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા એપ્રિલ-૨૦૨૬માં યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ તા.૦૨/૦૫/૨૦૨૬ થી તા.૧૬/૦૫/૨૦૨૫ સુધી જિલ્લાના જુદા- જુદા કેન્દ્રો ખાતે યોજાનાર છે. સદરહું પરીક્ષા સ્વચ્છ અને શાંત વાતાવરણમાં લેવાય, પરીક્ષા સંચાલકો સરળતા થી ફરજ બજાવી શકે, પરીક્ષાર્થીઓ / વિદ્યાર્થીઓ નિર્ભય રીતે પરીક્ષા આપી શકે, પરીક્ષાઓમાં ગેરરીતીઓ આચરવામાં ન આવે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય તે માટે ભારતીય નાગરિક સુરક્ષાસંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જરૂરી જાહેરનામા પ્રસિદ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે.

સબબ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ - ૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું હિરેન ચૌહાણ(Gas), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ દરમિયાન તથા પરીક્ષા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પાટણ જિલ્લાના આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની સીમાથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ પરીક્ષા સમય દરમિયાન મોબાઈલ/ સેલ્યુલર/ ફોન / પેજર/કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ/ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહી. પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં પરીક્ષા સાથે પ્રત્યક્ષપણે સંકળાયેલા હોય તે સિવાયના ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવુ અથવા ભેગા થવુ નહી. સુત્રો પોકારવા નહી કે સરઘસ અથવા રેલી કાઢવી નહી, પરીક્ષા સ્થળોની આસપાસ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહી, પથ્થર કે અન્ય આ પ્રકારના પદાર્થ લઈ જવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર ત્રિજ્યામાં ઝેરોક્ષ મશીન તથા સ્કેનીંગની સુવિધા ધરાવાતા કેન્દ્રો ચાલુ રાખવા નહી.

અપવાદ :-આ હુકમ નીચેના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને પરીક્ષા સમિતિના અધિકારીશ્રીઓ તથા પરીક્ષા કામગીરીમાં તેમજ બંદોબસ્તમાં રોકાયેલ સ્ટાફના માણસો.

(૨) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી પાટણ/સિધ્ધપુર/રાધનપુર/સમી તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તમામ જિ.પાટણ

(૩) ફલાઈંગ સ્કવોર્ડના તમામ અધિકારીશ્રી

સદરહું આદેશનો ભંગ કરી કોઈ વ્યક્તિ પાસેથી મોબાઈલ/સેલ્યુલર ફોન / પેજર / કોર્ડલેસ ફોન/ સ્માર્ટ વોચ/ ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જમ્મ કરી શકશે.

આ જાહેરનામાં અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગ રીતે હુકમની બજવણી કરવી / કરાવવી શક્ય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાંની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં દેખી શકાય તે રીતે નકલો ચોંટાડીને તથા ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવા ફરમાવું છું.

જાહેરનામા ક્રમાંક:એમએજી(૧)/વશી/૭૨૮૯ થી ૭૩૫૩/૨૦૨૬ સાથેનુ પરિશિષ્ટ-૧

પરીક્ષા કેન્દ્રોની યાદી

Sr. No.	COLLEGE NAME	AT	TALUKO	DIST
1	શ્રી અને શ્રીમતિ પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ	પાટણ	પાટણ	પાટણ
2	શેઠ એમ.એન. લો કોલેજ	પાટણ	પાટણ	પાટણ
3	શેઠ એમ.એન. સાયન્સ કોલેજ	પાટણ	પાટણ	પાટણ
4	આદર્શ સાયન્સ કોલેજ પાટણ	પાટણ	પાટણ	પાટણ
5	શ્રી બી.ડી.એસ. આર્ટસ સાયન્સ એન્ડ કોર્મસ કોલેજ	પાટણ	પાટણ	પાટણ
6	શ્રીમતિ ટી.એસ.આર. કોમર્સ કોલેજ	પાટણ	પાટણ	પાટણ
7	એસ.કે. કોલેજ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ, યુનિવર્સિટી કેમ્પ	પાટણ	પાટણ	પાટણ
8	એસ.કે. સ્કુલ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ, યુનિવર્સિટી કેમ્પ	પાટણ	પાટણ	પાટણ
9	ડિપાર્ટમેન્ટ હોસ્પિટલ મેનેજમેન્ટ, યુનિવર્સિટી કેમ્પ	પાટણ	પાટણ	પાટણ
10	ડિપાર્ટમેન્ટ ઓફ એમ.એસ.ડબલ્યુ,યુનિવર્સિટી કેમ્પસ	પાટણ	પાટણ	પાટણ
11	ડિપાર્ટમેન્ટ ઓફ લો, યુનિવર્સિટી કેમ્પસ	પાટણ	પાટણ	પાટણ
12	ડિપાર્ટમેન્ટ ઓફ લાઈફ સાયન્સ, બાયોટેક,યુનિવર્સિટી કેમ્પસ	પાટણ	પાટણ	પાટણ

13	ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી ,યુનિવર્સિટી કેમ્પસ	પાટણ	પાટણ	પાટણ
14	ડિપાર્ટમેન્ટ ઓફ મેથેમેટીકસ,યુનિવર્સિટી કેમ્પસ	પાટણ	પાટણ	પાટણ
15	ડિપાર્ટમેન્ટ ઓફ ફીજીકસ, યુનિવર્સિટી કેમ્પસ	પાટણ	પાટણ	પાટણ
16	નૂતન વિનય મંદીર ટ્રસ્ટ સંચાલીત એમ.એસ.ડબલ્યુ. કોલેજ	પાટણ	પાટણ	પાટણ
17	શ્રી જી.એચ.પટેલ કોલેજ ઓફ એજયુકેશન	હાજીપુર	પાટણ	પાટણ
18	એચ.ડી.વી.એ. જાફરી આર્ટસ અને કોમર્સ કોલેજ	સેદ્રાણા	સિધ્ધપુર	પાટણ
19	ડી.એચ.એસ.એમ. જાફરી કોલેજ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી	સેદ્રાણા	સિધ્ધપુર	પાટણ
20	આઈ.ટી.સેલિયા જાફરી બી.સી.એ. કોલેજ	સેદ્રાણા	સિધ્ધપુર	પાટણ
21	હંસાબા આર્ટસ કોલેજ, ચારૂપ (સિધ્ધપુર)	ચારૂપ	સિધ્ધપુર	પાટણ
22	શ્રીમતિ શાન્તાબેન કાન્તિભાઈ પટેલ આર્ટસ અને કોમર્સ કોલેજ	કલ્યાણા	સિધ્ધપુર	પાટણ
23	શ્રી મોહનભાઈ હ. પટેલએમ.એસ.ડબલ્યુ કોલેજ	સમોડા–ગણવાડા	સિધ્ધપુર	પાટણ
24	જેઠીબા કે. પટેલ આર્ટસ અને બી.એ.પટેલ તથા ડી.બી.વ્યાસ કોમર્સ કોલેજ	ચાણસ્મા	ચાણસ્મા	પાટણ
25	વિધ્યાસાગર કોલેજ ઓફ એજયુકેશન	દાણોદરડા	ચાણસ્મા	પાટણ
26	બી.એમ. શાહ મહાવિધાલય	ઝીલીયા	ચાણસ્મા	પાટણ
27	સરકારી આર્ટસ–કોમર્સ કોલેજ	સમી	સમી	પાટણ
28	શ્રી આર્ય સેવા સંઘ મહર્ષિ દયાનંદ આર્ટસ–કોમર્સ કોલેજ	બાસ્પા	સમી	પાટણ
29	કોલેજ ઓફ એજયુકેશન, બાસ્પા	બાસ્પા	સમી	પાટણ
30	આર્ટસ અને કોમર્સ કોલેજ	રાધનપુર	રાધનપુર	પાટણ
31	અમરજયોત એજયુકેશન ટ્રસ્ટ બી.એડ કોલેજ	રાધનપુર	રાધનપુર	પાટણ
32	આદર્શ સાયન્સ કોલેજ	રાધનપુર	રાધનપુર	પાટણ
33	નવનિર્માણ આર્ટસ કોલેજ, રાધનપુર	રાધનપુર	રાધનપુર	પાટણ
34	શ્રી અરૂણ બાલચંદ પોરા એમ.એડ. કોલેજ	રાધનપુર	રાધનપુર	પાટણ
35	આર્ટસ અને કોમર્સ કોલેજ	શંખેશ્વર	શંખેશ્વર	પાટણ
36	સરકારી આર્ટસ કોલેજ, સાંતલપુર	સાંતલપુર	સાંતલપુર	પાટણ

આજ રોજ તા. ૦૨/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હિરેન ચૌહાણ GAS
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 16:48:14 IST